પરદેશ પાર્સલ સેવા
www.chipsairexp.com
CHIPS
Express Pvt Ltd
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૮૧ | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૮, સોમવાર; ભાદરવા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે ભારત બંધનું એલાન

## પેટ્રોલ-ડિઝલના ભાવ આસમાને : ઈંધણના ભાવ વધવાની સાથે મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસના ભારત બંધને વિપક્ષનું સમર્થન : ઊંઘી રહેલી સરકારને જગાડવા માટે ભારત બંધનું એલાન કરાયું : કોંગ્રેસ

ન્યુ દિલ્હી,તા.૯

દેશમાં પેટ્રોલ-ડીઝલના વધી રહેલા ભાવ, ખેડૂતોને પાકનું યોગ્ય વળતર ન મળવું અને ખેડૂતોના દેવામાફી મુદ્દે કોંગ્રેસે ૧૦ સપ્ટેમ્બરના રોજ ભારત બંધનું એલાન કર્યું છે. કોંગ્રેસના અત્યાર સુધી ભારત બંધ પર ૧૮ અન્ય રાજકીય પાર્ટીઓનું સમર્થન મળી ચુક્યું છે.

કોંગ્રેસનું કહેવું છે કે ઊંઘી રહેલી સરકારને જગાડવા માટે ભારત બંધનું એલાન કરવામાં આવ્યું છે, સવારે નવ વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી ભારત બંધ રહશે. આ સમય રાખવાને કારણે લોકોએ કોઈ મુશ્કેલીનો સામનો



નહીં કરવો પડે.

કોંગ્રેસ પાર્ટીને 'ભારત બંધ' માટે સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ, ડીએમકે, તૃણમૂલ કોંગ્રેસ, રાષ્ટ્રીય જનતા દળ, માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી, જનતા દળ સેક્યુલર, રાષ્ટ્રીય લોકદળ, ઝારખંડ મુક્તિ મોરચા અને બીજા દળોનું સમર્થન કરી રહ્યા છે.

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આજે પણ ભાવ વધારાનો દોર જારી રહ્યો હતો. ભાવ વધારાની બાબત હવે સામાન્ય બની ગઈ છે. આજે પણ કોઈ રાહત મળી ન હતી. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૦.૫૦ રૂપિયા પ્રતિલીટર થઈ ગઈ હતી જ્યારે ડીઝલની કિંમત ૭૨.૬૧ રૂપિયા થઈ ગઈ છે. શનિવારના દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમત ક્રમશઃ ૮૦.૩૮ અને ૭૨.૫૧ રૂપિયા રહી હતી. આવી જ રીતે મુંબઈમાં પેટ્રોલની કિંમત ૮૭.૮૯ રૂપિયા થઈ ગઈ છે જ્યારે ડીઝલની કિંમત ૭૭.૦૯ રૂપિયા થઈ છે. એક દિવસ પહેલા પેટ્રોલની કિંમત ૮૭.૭૭ અને ડીઝલની કિંમત ૭૬.૯૮ રૂપિયા રહી હતી. કોલકાતા અને ચેન્નાઈમાં પણ આવી સ્થિતિ સર્જાયેલી છે. રાજસ્થાનના પાટનગર જયપુરમાં પણ કિંમતોમાં વધારો થયો છે.

## બીટકોઈન કેસમાં નલિન કોટડિયાની ધરપકડ કરાઈ

**નાસતા ફરતા કોટડિયા ધૂલિયામાંથી ઝડપાયા : હવે બીટકોઇન કૌભાંડમાં ચોંકાવનારી વિગતો ખુલવાની વકી :કોટડિયા મોટા માથાનો પણ ખુલાસો કરે તેવી ચર્ચા**



અમદાવાદ, તા.૯

શહેર સહતિ રાજયભરમાં ભારે ખળભળાટ મચાવનાર બીટકોઈન કૌભાંડમાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયાની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આજે મહારાષ્ટ્રના ધૂલિયામાં અમ્લનેરથી ધરપકડ કરી લેતાં ભારે ચકચાર મચી ગઈ છે. પૂર્વ ધારાસભ્ય અને ભાજપના નેતા એવા કોટડિયાની ધરપકડ થતાં રાજકારણમાં પણ તેની ભારે ચર્ચા શરૂ થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## કાનૂની રીતે દરેકને સમ્માન સાથે મરવાનો અધિકાર : દિપક મિશ્રા

પૂણે,તા.૯

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાએ ઈચ્છામૃત્યુ મામલે એક અગત્યની વાત કહી છે. ચીફ જસ્ટીસે કહ્યું છે કે કાનૂની રીતે કોઈ વ્યક્તિ આત્મહત્યા ન કરી શકે પરંતુ દરેકને સમ્મ્માન સાથે મારવા માટેનો અધિકાર છે. પુણેમાં બેલેન્સીંગ ઓફ કોન્સ્ટટ્યુશનલ અધિકારના વિષય પર યોજેલા એક કાર્યક્રમમાં આ વાત તેમણે કહી હતી.

જસ્ટીસ મિશ્રાએ લીવીંગ વિલ વિશે કહ્યું કે કોઈ પણ વ્યક્તિ જે ફરીથી સ્વસ્થ ન થનારી કોઈ બીમારીથી પીડિત હોય અને તે ઈચ્છામૃત્યુ માંગતો હોય તો તે પોતાની ‘ લીવીંગ વિલ ‘ એટલે કે વસિયતનામું બનાવી શકે છે. દીપક મિશ્રાએ કહ્યું કે દરેક વ્યક્તિને અધિકાર છે કે તે નક્કી કરી શકે કે પોતે અંતિમ શ્વાસ ક્યારે લેશે અને આમ કરવા માટે તેના પર કોઈ પણ જાતનો દબાવ કરવામાં આવશે નહિ.

કોર્ટનું કહેવું છે કે સમ્માનથી મરવાનો હક સૌ કોઈને છે. કોર્ટના આ નિર્ણય વિશે ચીફ જસ્ટીસે પુણેમાં આ વાત કહી હતી. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે જો આપણે સમાજમાં દરેક વ્યક્તિને સમાનતા, સ્વતંત્રતા અને સમ્માનનો અધિકાર આપવો હોય તો યુવા પેઢી માટે સારા શિક્ષણની વ્યવસ્થા કરવી પડશે.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર રાજ્ય એ હંમેશા ન્યાય માટેની લડાઈમાં પોતાનું યોગદાન આપ્યું છે અને અમે સૌ માનીએ છીએ કે યોગ્ય ચિંતા કર્યા વગર સમાજનો વિકાસ શક્ય નથી. મહારષ્ટ્રની સરકાર સામાજિક રીતે પણ લોકોને આગળ વધવામાં મદદ કરી રહી છે. આ મદદ છેલ્લા વ્યક્તિ સુધી પહોચી શકે તે માટે અમારો પ્રયત્ન ચાલુ જ છે.

## ન્યુઝ ટ્રેક

### ભારતમાં ઓક્ટોબર મહિનાથી વિમાનમાં ફોન અને ઈન્ટરનેટની સુવિધા મળશે

બહુ જલ્દી ભારતમાં પણ હવાઈ મુસાફરી દરમિયાન ફોન કોલ્સ અને ઈન્ટરનેટની સુવિધા શરૂ થવા જઈ રહી છે.

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમે ઓક્ટબર મહિનાથી ઈન ફ્લાઈટ કનેક્ટિવિટીની સુવિધા આપવાનુ નક્કી કર્યુ છે. જોકે આ સુવિધા માટે વિમાનોને સજ્જ કરવા માટે એરલાઈન્સને પ્રતિ વિમાન ૭.૨૧ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

### સુષમા સ્વરાજની સીરિયા યાત્રા રદ

ભારતના વિદેશમંત્રી સુષમા સ્વરાજએ સિરિયા યાત્રા ટાળી છે. વિદેશ મંત્રી આગળના અઠવાડિએ સીરિયા જવાના હતા. પરંતુ વધતા તણાવના કારણે તેમની યાત્રા રદ કરવામાં આવી છે. આની માહિતી વિદેશ મંત્રલાયના પ્રવકતા રવીશ કુમારે આપી હતી.

### આરબીઆઈએ ત્રણ સરકારી બેન્કોને ૧-૧ કરોડનો દંડ ફટકાર્યો

ભારતીય રીઝર્વ બેંક દ્વારા ત્રણ બેંકને રુપિયા ૧-૧ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. જે બેંકોને દંડ ફટકારવામાં આવ્યો છે તે ત્રણેય બેંક સરકારી બેંક છે. આરબીઆઈ દ્વારા દંડ ફટકારવાના કારણરુપે જણાવાયું છે કે સમય રહેતાં મોટી નાણાં કૌભાંડોને ન પકડી શકવા તેમ જ તેનો રીપોર્ટ ન કરવા માટે દંડ ફટકારવામાં આવ્યો છે.

### ભારતીય પોસ્ટ વિભાગ બે વર્ષમાં ઈન્શ્યોરન્સ કંપનીની શરુઆત કરશે

ભારતીય પોસ્ટ વિભાગ ૨ વર્ષમાં ઈશ્યોરન્સ કંપનીની શરૂઆત કરશે. સંચાર મંત્રી મનોજ સિન્હાએ જણાવ્યુ હતુ કે પેમેન્ટ્સ બેક્ક બાદ પોસ્ટવિભાગ હવે ઈશ્યોરન્સ કંપનીની શરૂઆત કરશે.પોસ્ટ વિભાગ તેનો ક્લેવર બદલી રહ્યું છે. પેમેન્ટ્સ બેક્કના રૂપે વિસ્તરણ કરી હવે ઈશ્યોરન્સ કંપની ગઠનનો નિર્ણય કર્યો છે.

## પોલિંગ બૂથ પર વિજય મેળવીએ : મોદી

**ભાજપ કારોબારીની બેઠકના અંતિમ દિવસે મોદીનું સંબોધન : સવા સો કરોડ દેશવાસીઓના વિશ્વાસના આધારે ભાજપની પ્રચંડ જીત થશે કાર્યકરોને સંગઠિત થવાની અને બધી તાકાત સાથે મેદાનમાં ઉતરવાની જરૂર**

નવીદિલ્હી, તા. ૯

ભાજપની રાષ્ટ્રીય પાટનગર




દિલ્હીમાં યોજાયેલી કારોબારીની બેઠકના અંતિમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના પ્રમુખ અમિત શાહે પાર્ટીના કાર્યકરોને સંબોધન કર્યું હતું. મોદીએ આ ગાળા દરમિયાન વિપક્ષ ઉપર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, પાર્ટી ખુબ મજબૂતી સાથે આગળ વધી રહી છે. મોદીએ મહાગઠબંધન ઉપર તીવ્ર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, મહાગઠબંધન પાસે કોઈ નેતૃત્વ નથી. નીતિ નથી. નીયત પણ નથી. પાર્ટીના હોદ્દેદારોને સંબોધતા મોદીએ પાર્ટી માટે નવો નારો અજય ભારત, અટલ ભાજપનો આપ્યો હતો. બીજી તરફ ભાજપ પ્રમુખે કહ્યું હતું કે, ૨૦૧૯માં ભાજપ ફરીવાર જીત મેળવશે.

આગામી ૫૦ વર્ષ સુધી તેને કોઈપણ હરાવવાની સ્થિતિમાં નથી. કારોબારીની બેઠક પૂર્ણ થયા બાદ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે પત્રકાર પરિષદને સંબોધતા તમામ મુદ્દા ઉપર વાત કરી હતી. વડાપ્રધાન મોદી અને અમિત શાહના ભાષણોના મુખ્ય મુદ્દા ઉપર વાત કરી હતી. વડાપ્રધાને મહાગઠબંધનને સ્વાર્થના ગઠબંધન તરીકે ગણાવીને કહ્યું હતું કે, મહાગઠબંધનનો મતલબ છે કે નેતૃત્વ અંગે કોઈ માહિતી નથી. નિયત ભ્રષ્ટાચારી રહેલી છે. તેમની પાસે કોઈ નીતિ નથી. રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, આજે મહાગઠબંધનની ચર્ચા છે. જે લોકો એકબીજાને જોઈ શકવાની સ્થિતિમાં નથી તે લોકો એકબીજાની સાથે આવી રહ્યા છે. મજબૂરીથી આ લોકો સાથે આવી રહ્યા છે. આજે સાથે આવવા માટે પક્ષો મજબૂર થયા છે. આ અમારી જીત છે, અમારી સફળતા છે. કારણ કે, આ લોકો કોઈપણ સંયુક્ત વિચારધારા વગર સાથે આવી રહ્યા છે.

રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, કોંગ્રેસના નેતૃત્વને કોઈપણ સ્વીકારવા માટે તૈયાર નથી. નાના પક્ષો પણ કોંગ્રેસના નેતૃત્વને સ્વીકાર કરવા માટે તૈયાર નથી. કોઈ લોકો તેને બોજ તરીકે ગણી રહ્યા છે. કોંગ્રેસની અંદર પણ નેતૃત્વને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે.

## નેપાળે ભારતને આપ્યો આંચકો, સૈન્ય અભ્યાસમાં સામેલ નહીં થાય

કાઠમાંડુ,તા.૯

ભારતમાં સોમવારથી શરૂ થઈ રહેલાં બિમ્સટેક દેશોના પહેલા સૈન્ય અભ્યાસમાં નેપાળ ભાગ નહીં લે. નેપાળના મીડિયા રિપોર્ટ્સ મુજબ સૈન્ય અભ્યાસને લઈને સત્તારૂઢ પક્ષના નેતાઓએમાં અસંતોષ હતો. તેથી વડાપ્રધાન કેપી ઓલીએ તેને રદ કરવાનો નિર્ણય લીધો છે. આ ડ્રિલ પુણેમાં એક અઠવાડીયા સુધી ચાલશે.

**પૂણેમાં આજથી બિમ્સટેક દેશોનો પહેલો સૈન્ય અભ્યાસ શરુ થશે**

કાઠમંડુ પોસ્ટ મુજબ વિશેષજ્ઞોએ કહ્યું હતું કે અભ્યાસ માટે કૂટનીતિક સમજૂતી નહીં થવાથી નેપાળને કોઈ ફાયદો નહીં મળે. સંબંધિત મંત્રાલય આ અંગે ટૂંક સમયમાં જ નિવેદન જાહેર કરશે.

આ વર્ષે દિલ્હીમાં બિમ્સટેક દેશોના સૈન્ય અધિકારીઓની બેઠક મળી હતી. જે બાદ ભારતીય સેનાએ જૂનમાં સંયુક્ત સૈન્ય અભ્યાસનો પ્રસ્તાવ રાખ્યો હતો. બિમ્સટેક છ દેશોનો એક સમૂહ છે. જેમાં ભારત, બાંગ્લાદેશ, મ્યાનમાર, શ્રીલંકા, થાઈલેન્ડ, ભૂતાન અને નેપાલ સામે છે. જેમનો ઉદ્દેશ્ય બંગાળની ખાડી સાથે જોડાયેલાં દેશોને આર્થિક અને ટેકનિક સહયોગ આપવાનો છે.

આ પહેલાં શુક્રવારે ચીન પોતાના ૪ બંદર અને ૩ લેન્ડ પોર્ટના ઉપયોગ કરવાની મંજૂરી નેપાળને આપી ચુક્યું છે. એવામાં ચારેય તરફ જમીનથી ઘેરાયેલાં નેપાળની નિર્ભરતા ભારત પ્રત્યે ઘણી ઓછી થઈ જશે. પાડોશી દેશોમાં પ્રભાવ વધારવા માટે ચીન પહેલાં લોન આપવાની નીતિ અપનાવતું હતું. હવે તેઓ પોતાના સંસાધનોનો ઉપયોગ કરવાની છૂટ આપી રહ્યું છે. ભારત માટે આ ચિંતાજનક છે.

## યશવંત સિંહા આપની ટિકિટ પરથી લોકસભા ચૂંટણી લડશે...!!?

ન્યુ દિલ્હી,તા.૯

પૂર્વ કેન્દ્રીય મંત્રી યશવંત સિન્હા આગામી લોકસભા ચૂનાવમાં આમ આદમી પાર્ટી (છછઁ)ની ટિકિટ પરથી ચૂંટણી લડી શકે છે. આ બાબતે ટૂંક સમયમાં જ જાહેરાત થઈ શકે છે. આમ આદમી પાર્ટીની ચૂંટણીના અભિયાનની શરૂઆત માટે નોએડામાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં બીજેપી નેતા શત્રુધ્ન સિન્હા અને યશવંત સિન્હા પણ સામેલ છે. આ રેલીમાં કેજરીવાલે કહ્યું હતું કે, યશવંત સિન્હા જેવા સારા લોકોને ચૂંટણી લડવી જોઈએ. દિલ્હીમાં સાત લોકસભા સીટો છે. સૂત્રોની માનીએ તો આમ આદમી પાર્ટીની યોજના સિન્હાને નવી દિલ્હી લોકસભા સીટ પરથી ચૂંટણી લડાવવાની છે.

યશવંત સિંહાએ જણાવ્યું કે,આપણાં દેશમાં વોટના માધ્યમથી તે લોકોને દંડિત કરવામાં આવશે જેઓએ જનતા સમક્ષ ખોટું બોલ્યા છે.

**દોષીને ચાર રસ્તા પર ઊભા રાખીને નહીં, વોટથી સજા આપશે જનતા : યશવંતસિંહા**

યશવંત સિન્હા નોએડમાં આમ આદમી પાર્ટીની જન અધિકારી રેલીમાં સામેલ થયા હતા. આ રેલીમાં કેજરીવાલે સિન્હાને લોકસભા ચૂંટણી લડવા માટે આગ્રહ કરતાં કહ્યું હતું, "તમે કહી ચૂક્યા છે કે, તમે ચૂંટણી લડશો નહી, પરંતુ જો તમારા જેવા સારા લોકો ચૂંટણી લડશે નહી તો પછી કોણ લડશે?" તે પછી દિલ્હીના મુખ્યમંત્રીએ જનતાને પ્રશ્ન કર્યો કે, તમે જણાવો યશવંત સિન્હાને ચૂંટણી લડવી જોઈએ કે નહી?

**સ્ટાફ જોઈએ છે.**
ટેલીકોલિંગ -૧૦ (છોકરીઓ)
પીકઅપ બોય -૪ (છોકરાઓ)
9998606660
7575858565
આકર્ષક Salary + Incentive રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

EXHIBITION... || Shri Hariji || GANDHINAGAR..
ગાંધીનગરનાં નગરજનોની લાગણીને માન આપીને આજનો એક દિવસ લંબાવેલ છે.
DHARAMRAJ JEWELLERS Presents
Premium Jewellery Exhibition & Sale
You are Cordially Invited with Family & Friends




Date : 10-09-2018 • Time : 10 am to 8 pm
Fortune Inn Haveli, GANDHINAGAR • 94276 24360
Gold - Diamond - Platinum - Solitare - Vilandi - Antique
DHARAMRAJ JEWELLERS
The Tradition of Trust
GOVT. APPROVED VALUER
C.G. Road, Navrangpura, Ahmedabad. 079-26561174/75 • 9909944724
Dr. Harshadbhai K. Zinzuwadia (M.B.B.S.) - 98250 34934